આપણું પોતાનું અખબાર

પરસ્પર વિશ્વાસને પણ
શ્વાસ લેવાની જરૂર હોય છે
- જનકલ્યાણ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૨૯ | ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૪, સોમવાર; મહા સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## સચિવાલય સંકુલમાં વાય-ફાય નેટવર્ક

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં મહાત્મા મંદિરને વાય-ફાય કનેક્ટીવીટી બાદ હવે સચિવાલય સંકુલને વાય-ફાય કનેક્ટીવીટીથી સાંકળી રાજ્ય સરકાર ઈ. ગર્વનન્સના સુદઢીકરણમાં મહત્વના કદમ તરફ આગળ વધી રહી છે.

વાયબ્રન્ટ સમીટ વખતે વાઈ-ફાઈ કનેક્ટીવીટીથી સાંકળવાની રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની ઘોષણા બાદ હવે સચિવાલય સંકુલમાં આ ફેસીલીટી ઉપલબ્ધ બનશે.

રાજ્યમાં ઈ.ગર્વનન્સ થકી પ્રજાભિમુખ વહીવટીતંત્રની અનુભૂતિ લોકોને થાય તે માટેનો આખોય રોડમેપ સરકાર દ્વારા તૈયાર કરી દેવામાં આવ્યો છે અને તબક્કાવાર આ દિશામાં આગળ વધવામાં આવશે. રાજ્યના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ દ્વારા આ રોડમેપ તૈયાર કરી દેવામાં આવ્યો છે અને તેને બહાલી પણ આપી દેવામાં આવી છે.

રાજ્ય સરકારના વિવિધ વિભાગોની વેબસાઈટના અપડેટેશન સહિતની બાબતોનો આ રોડમેપમાં સમાવેશ કરવામાં આવ્યો છે એટલુ જ નહિ ઈ. ગર્વનન્સને સોશિયલ મિડિયાના ભાગ તરીકે જ વિકસાવવાનું મહત્વકાંક્ષી આયોજન વિચારવામાં આવ્યું છે.

રાજ્ય સરકારે વનડે ગર્વનન્સના અભિગમને પણ ઈ.ગર્વનન્સના ભાગ તરીકે ગણી તેને સોશિયલ મિડિયા સાથે કેવી રીતે સાંકળી પ્રજાભિમુખ વહીવટની અનુભૂતિ લોકોને થાય તે બધી બાબતો આ આયોજનમાં વિચારી લેવાઈ હોવાનું સચિવાલયના સૂત્રોએ જણાવ્યું છે.

તાજેતરમાં રાજ્યના મહેસુલ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે પણ વહીવટીય પ્રથામાં આવી રહેલા બદલાવના સંકેતો આપ્યા હતા જે ઉલ્લેખનીય છે.

અદ્યતન ઈન્ફર્મેશન ટેકનોલોજીના મહત્તમ ઉપીયોગ દ્વારા રાજ્યના સુશાસનને સુનિશ્ચિત કરવા માટે પ્રાયોગિક ધોરણે રાજ્ય સરકાર દ્વારા સચિવાલયમાં વાઈ-ફાય નેટવર્ક શરૂ કરવાની દિશામાં વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં મળેલી એક બેઠકમાં વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ દ્વારા ઈ-ગવર્નન્સ ફોર બેસ્ટ ગર્વનન્સ અંગે એક પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું. જેમાં ઈ-ગર્વનન્સ રોડમેપ, વેબસાઈટ અપડેશન, મોબાઈલ

● અનુસંધાન પાન-૭ પર

હાર્દિક અભિનંદન



શ્રી ઝવેરભાઈ ચાવડા
પ્રમુખશ્રી, ગુજરાત વણકર સમાજ

તા. ૬-૨-૨૦૧૪ના રોજ માયા ટેકરી, પાટણ મુકામે મળેલી ગુજરાત વણકર સમાજની સામાન્ય સભાએ શ્રી ઝવેરભાઇ ચાવડા - આઇ.એ.એસ. (નિવૃત્ત)ની ગુજરાત વણકર સમાજના પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરેલ છે. તે માટે શ્રી ઝવેરભાઇ ચાવડાને અભિનંદન અને આવકાર.

શ્રી ડી. યુ. પરમાર
પ્રમુખશ્રી,
અંબર ક્રેડીટ સોસાયટી, ગાંધીનગર
શ્રી હરગોવનભાઈ એમ. પરમાર
શ્રી ખુશાલભાઈ પરમાર
પૂર્વ પ્રમુખ,
વી ઈલેવન પરિવાર, ગાંધીનગર

શ્રી કે. આઈ. મકવાણા
કન્વીનર,
ગાંધીનગર જિલ્લા એકમ
વીરમાયા સ્મારક સમિતિ
શ્રી સુરેશભાઈ વી. પરમાર
શ્રી મોહનલાલ લેઉવા
પૂર્વ મહામંત્રી,
વી ઈલેવન પરિવાર, ગાંધીનગર









શ્રીમતી સોનિયા ગાંધી



ડૉ. મનમોહન સિંહ

## ગ્રામ્ય વિસ્તારને મળ્યાં 35 કરોડ કરતાં વધુ ટેલિફોન જોડાણ

- ગ્રામ્ય ટેલિફોન ઘનતા વર્ષ 2004 માં 1.57% ની જગ્યાએ 25 ગણી વધીને 2013 માં 42% થઈ
- વિશ્વના સૌથી સસ્તા કોલ દરમાં ગણના
- 48 કરોડ લોકો સુધી નવા ઈન્ટરનેટ કનેક્શન પહોંચ્યા; 2014 માં 2.5 લાખ ગામડાઓમાં બ્રોડબેન્ડ સેવા ઉપલબ્ધ કરાવવાની યોજના

ભારત નિર્માણનો પુરાવો

જન જનને સ્પર્શે, જન જીવનને બદલે